સરકારી/બિન સરકારી સંસ્કૃત પાઠશાળાઓની
પ્રથમા અને મધ્યમાની પરીક્ષાઓ માધ્યમિક
અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને સોંપવા
બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-સસક-૨૦૦૬-૬૮-છ,
સચિવાલય, ગાંધીનગર
તા. 23 AUG 2006

વંચાણે લીધો:-

(૧) શિક્ષણ વિભાગના તા.૮-૧-૯૯નો ઠરાવ ક્રમાંક-સસક-૧૦૯૮-૧૩૯૩-છ
(૨) શિક્ષણ વિભાગનો તા.૨૫-૧-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક-સસક-૧૦૯૯-૫૬-છ

ઠરાવ:-

રાજયની માન્ય સરકારી/બિન સરકારી સંસ્કૃત પાઠશાળાઓની !પ્રથમા! અને !મધ્યમા! ની પરીક્ષાઓ આમુખ-૧ માં દર્શાવેલ ઠરાવથી રાજય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલ હતી. સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા કોઇ મુશ્કેલીઓ ન રહે તે માટે ઉકત પરીક્ષાઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને સોંપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સંસ્કૃત પ્રથમા (એસ.એસ.સી. સમકક્ષ) અને મધ્યમા (એચએસસી સમકક્ષ) સુધીની પરીક્ષાનુ સંચાલન રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર પાસેથી લઇને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને સોંપવામાં આવે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સંચાલિત ઉકત પરીક્ષાઓમાં રાજયની બધી જ સરકારી/બિન સરકારી માન્ય સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓએ સને ૨૦૦૬-૦૭ના શૈક્ષણિક વર્ષથી બેસવાનુ રહેશે.

૨. આ અંગેના અભ્યાસ માટેના વિષયો નકકી કરવા માટે એક કમીટી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડએ બનાવવાની રહેશે.

૩. આ અંગેની આનુષાંગિક કાર્યવાહી કમિશનરશ્રી, શાળા અને રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના પરામર્શમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડએ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

B.R.Thakkar
(બી.આર.ઠકકર)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

પ્રતિ:-

★ માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-માન.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
-અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
-અધ્યક્ષ, રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
-મહાલેખાકારશ્રી, ગુજરાત અમદાવાદ-રાજકોટ
-શિક્ષણ વિભાગની તમામ શાખાઓ, સચિવાલય, ગાંધીનગર
✓ -સીલેકટ ફાઇલ
-નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ